અપીલ અરજી નં.૩૯૧ તા.૭–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ. પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ. પટેલની તા.૭–૨–૧૧ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતના માલીકે જુની મિલકત ઉતારીને નવી મિલકત બાંધકામ કરવા માટે આર્કીટેક શ્રી પાસવાલા પાસે જરૂરી પ્લાન બનાવડાવીને બાંધકામ કરવા માટે સુ.મ.પા.માં મંજુરી માટે રજુ કરેલ ત્યારબાદ સુ.મ.પા તરફથી સેન્ટ્રલઝોન નં.૧૭૯ તા.૭–૧૨–૨૦૦૧ થી ગ્રા.ફલોર પર પાર્કીગ વત્તા બે માળની રહેઠાણ માટે મંજુરી આપવામાં આવેલ ત્યાર બાદ સ્થળ પર આર્કીટેક તેમજ મિલકતના માલીક મળી વધારાનું તેમજ પ્લાન મંજુર મુજબનું બાંધકામ ન કરી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ તે બાબતે આર્કીટેક પર કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.પા. ની આવતી હોય તે બાબતે સંબંધિત વિભાગોમાં તા.૨૦–૧૨–૨૦૧૦ ના રોજ અરજી કરવામાં આવેલ તે બાબતે સંબંધિત વિભાગના અધિકારીઓએ આર્કીટેક ઉપર કાર્યવાહી કરવા બાબતે શું નિર્ણય કરવામાં આવ્યો તેનો રેકોર્ડ મેન્યુઅલ આધારી અભિપ્રાય આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૭–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૧/૨૦૧૦–૧૧.

શ્રી સુરેશ એમ. પટેલની તા.૭–૨–૧૧ની અરજીથી સુરત શહેર બેગમપુરા દુધારાશેરી ઘ.નં.૪/૩૬૦ વાળી મિલકતના માલીકે જુની મિલકત ઉતારીને નવી મિલકત બાંધકામ કરવા માટે આર્કીટેક શ્રી પાસવાલા પાસે જરૂરી પ્લાન બનાવડાવીને બાંધકામ કરવા માટે સુ.મ.પા.માં મંજુરી માટે રજુ કરેલ ત્યારબાદ સુ.મ.પા તરફથી સેન્ટ્રલઝોન નં.૧૭૯ તા.૭–૧૨–૨૦૦૧ થી ગ્રા.ફલોર પર પાર્કીગ વત્તા બે માળની રહેઠાણ માટે મંજુરી આપવામાં આવેલ ત્યાર બાદ સ્થળ પર આર્કીટેક તેમજ મિલકતના માલીક મળી વધારાનું તેમજ પ્લાન મંજુર મુજબનું બાંધકામ ન કરી ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ તે બાબતે આર્કીટેક પર કાર્યવાહી કરવાની જવાબદારી સુ.મ.પા. ની આવતી હોય તે બાબતે સંબંધિત વિભાગોમાં તા.૨૦–૧૨–૧૦ ના રોજ અરજી કરવામાં આવેલ તે બાબતે સંબંધિત વિભાગના અધિકારીઓએ આર્કીટેક ઉપર કાર્યવાહી કરવા બાબતે શું નિર્ણય કરવામાં આવ્યો તેનો રેકોર્ડ મેન્યુઅલ આધારી અભિપ્રાય આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારે અપીલ તબકકે તા.૧૪–૩–૧૧ ના રોજ સદર અપીલમાં માહિતી મળ્યેથી મળેલી માહિતીના પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે તા.૭–૧૨–૦૧ ની અરજદારે જણાવેલ પ્લાન મંજુરી હોય તો નકલ , તા.૨૦–૧૨–૧૦ ની અરજી તથા કાર્યવાહીની વિગતો મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૯ તા.૧૬–૩–૧૧ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન),ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને પ્લાન મંજુરીની નકલ હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી શહેર વિકાસ તરફથી પત્ર નં.ટીડીઓ/૫૪૬૨ તા.૩૦–૩–૧૧ થી પૂરક વિગતોમાં સદર માહિતી સેન્ટ્રલઝોનના કાર્યક્ષેત્રને લગતી હોવાનું જણાવતાં કાર્યપાલક ઈજનેર સેન્ટ્રલઝોન પ્રતિ પાઠવેલ પત્રની નકલ મળેલ છે. તથા જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પૂરક વિગતોમાં પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૧ તા.૬–૪–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, સદર મિલકતના સેન્ટ્રલઝોન નં.૧૭૯ તા.૭–૧૨–૦૧ થી મંજુર થયેલ પ્લાનની નકલ તથા અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૦ તા.૬–૪–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૪–૩–૧૧ ના પત્રની નકલ સાથે સે.ઝોન/આ.નં.૧૭૯ તા.૭–૧૨–૦૧ ની રજાચિઠ્ઠીની નકલ સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૩ તા.૨૧–૪–૦૬ અને સે.ઝોન/ આરટીઆઈ /૯૨૮ તા.૨૮–૧–૦૮ ના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા. ૭–૨–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ અરજદારે તા.૭–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. જે બાબતે અત્રેથી બંને પક્ષકારો પાસેથી અપીલ તબકકે પત્ર નં. નં.આરટીઆઈ સેલ/૧૪૨૯ તા.૧૬–૩–૧૧ થી પૂરક વિગતો માંગવામાં

આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૭૯૦ તા.૯–૩–૧૧ થી દિન–૩ ના વિલંબથી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. " આરટીઆઈ એકટ હેઠળ ઉપલબ્ધ રેકર્ડ અનુસાર આપવાની હોય છે કોઈ પણ જાતનો અભિપ્રાય આપવાનો હોતો નથી " તેવું જણાવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૪–૩–૧૧ ના રોજ અપીલ તબકકા દરમ્યાન અરજદારે પુનઃ અપીલ કરેલ છે. જેમાં અરજદારે અપીલના આધાર તરીકે (૧) જાહેર માહિતી અધિકારી તરફથી જે માહિતી આપવામાં આવી છે જે ખોટી છે તેમજ માહિતી છુપાવવામાં આવેલ છે. (૨) આરટીઆઈની જોગવાઈઓના ભંગ સબબ કાનુની હુકમ કરશો અને નિયમ અનુસાર માહિતી અપાવશો. (૩) આરટીઆઈ એકટ નં.૨૨ મંજુરીની તા.૧૫–૬–૦૫ ના પ્રકરણ–૧ પ્રાથમિક કલમ–૨ ની વ્યાખ્યાઓની (એફ) માં અભિપ્રાય આપવાની જોગવાઈ હોવા છતાં માહિતી અધિકારીએ અભિપ્રાય આપવામાં આવ્યો નથી. (૪) માહિતી માંગેલ તે માંગતા પહેલા સુમપાને તા.૨૦–૧૨–૧૦ ના રોજ વિગતવાર અરજી કરવામાં આવેલ. આ અરજીના અનુસંધાનમાં અધિકારીએ તપાસ કરવાની હોય છે અને કર્મચારી તપાસ કરે તેની રીપોર્ટ તૈયાર કરવાનો હોય છે અને આ રીપોર્ટના આધારે માહિતી આપવાની હોય છે તેમ છતાં જાહેર માહિતી અધિકારી જણાવે છે કે રેકર્ડ અનુસાર માહિતી આપવાની હોય છે. તેવું ખોટું જણાવેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળની પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. તથા અરજદારે તા.૨૦–૧૨–૧૦ ના રોજ અરજી કરેલ તે અંગે કરેલ કાર્યવાહીની માહિતી માંગેલ. જે બાબતે કરેલ અરજીની કાર્યવાહી કે ન કરેલ કાર્યવાહીની વિગતો આપવાની રહે. (૫) અપીલ કર્યા બાદ માહિતી મળેલ છે જે અંગે જાહેર માહિતી અધિકારીએ તા.૯–૩–૧૧ ના રોજ માહિતી પૂરી પાડેલ છે જેનો ઉલ્લેખ પત્રમાં છે. વધુમાં જાહેર માહિતી અધિકારીએ અરજદારને અપીલ તબકકે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૩૦ તા.૬–૪–૧૧ થી "૪/૩૬૦ વાળી મિલ્કતમાં ૭/૧૨/૦૧ થી પ્લાન મંજુર થયેલ છે. વધુમાં સદરહુ મિલ્કતમાં મોડીફીકેશન પ્લાન તા.૯–૧૦–૦૭ થી રજૂ થયેલ છે. જેબ ।બતે કાર્યવાહી પ્રગતિમાં હોય તા.૨૦–૧૨–૧૦ ની અરજી અન્વયે આર્કી./એન્જી./ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જેથી માંગ્યા મુજબનો અભિપ્રાય નોંધ વિભાગ કે પત્ર વ્યવહાર વિભાગમાં સામેલ નથી. " તેવું જણાવેલ છે. આમ જાહેર માહિતી અધિકારીએ આર્કી./એન્જી. સામની કાર્યવાહી તથા અભિપ્રાય અંગેની વિગતો જણાવેલ હોઈ અરજી બાબતેની માહિતી પૂરી પડાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૭–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી ઉપલબ્ધ વિગતે પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી સુરેશ એમ. પટેલ,